**–:: નમુનો–અ ::–**

# મહે. કલ્યાણપુરના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ, જી. દેવભુમિદ્વારકા.

## ચુકાદાની તા.૦૮/૦૪/૨૦૨૬

## ફોજદારી કેસ નં.૧૦૦૧ / ૨૦૨૫ આંક–૨૪

| ગુન્હાની વિગત | |
|---|---|
| ગુન્હાની કલમ | બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી) મુજબ |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૧૮૫૦૦૩૨૫૦ ૬૨૨/ ૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | કલ્યાણપુર |
| ફરીયાદીપક્ષ | શ્રી સરકાર |
| ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી : | વિ.એ.પી.પી.શ્રી જે. જે. રાઘવાણી |
| આરોપીપક્ષ | ભરતભાઈ માધાભાઈ ડાભી, ઉ.વ.૩૮, ધંધો–ડ્રાઈવીગ, રહે.જુવાનપુર ગામ, વાડી વિસ્તાર, તા.કલ્યાણપુર, જી.દેવભૂમિ દ્વારકા. |
| આરોપી તરફે વિ.વ.શ્રી : | વિ.વ.શ્રી એચ. જે. રાઠોડ. |

**–:: નમુનો–બ ::–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૮/૦૫/૨૦૨૫ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૩૧/૦૫/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૨૧/૦૭/૨૦૨૫ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૦૨/૦૯/૨૦૨૫ |
| પુરાવો શરૂ થવાની તારીખ | ૨૮/૧૦/૨૦૨૫ |
| ચુકાદો મુલત્વી રાખ્યાની તારીખ | –– |
| ચુકાદાની તારીખ | ૦૮/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | –– |

**–:: આરોપીની વિગત ::–**

| ક્રમ | આરોપીનું નામ | ઘરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ/ દોષ | કરવામા આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભરતભાઈ માધાભાઈ ડાભી | –– | –– | બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી) મુજબ | નિર્દોષ | –– | –– |

**–:: નમુનો – ક ::–**

**:: સાહેદોનું લીસ્ટ ::**

**અ. ફરીયાદપક્ષ તર્ફે સાહેદો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | આંક–૦૫ | પંચ સાહેદ સુરેશભાઈ કેશવજીભાઈ ખાણધરની જુબાની |
| (૨) | આંક–૦૭ | પંચ સાહેદ હિરેનભાઈ ચંદુભાઈ પરમારની જુબાની |
| (૩) | આંક–૦૮ | પંચ સાહેદ કિશોરભાઈ જીવાભાઈ પરમારની જુબાની |
| (૪) | આંક–૧૦ | પંચ સાહેદ દિલીપભાઈ પ્રવિણભાઈ પંડીયાની જુબાની |
| (૫) | આંક–૧૧ | ફરિયાદી રમેશભાઈ ભોજાભાઈ માતંગની જુબાની |
| (૬) | આંક–૧૩ | સાહેદ અશોકભાઈ ભીમાભાઈ પરમારની જુબાની |
| (૭) | આંક–૧૪ | સાહેદ મીલનભાઈ જયસુખભાઈ ઠાકરની જુબાની |
| (૮) | આંક–૧૫ | સાહેદ સંજયભાઈ રાજેશભાઈ માતંગની જુબાની |
| (૯) | આંક–૧૬ | સાહેદ કનકસિંહ છત્રસિંહ જાડેજાની જુબાની |
| (૧૦) | આંક–૧૭ | સાહેદ ધર્મેશભાઈ ભીમશીભાઈ ચાવડાની જુબાની |
| (૧૧) | આંક–૧૮ | સાહેદ માલદેભાઈ પાલાભાઈ ગાધેરની જુબાની |
| (૧૨) | આંક–૨૦ | પી.એસ.આઈ. કરણસિંહ પુંજસિંહ ઝાલાની જુબાની |

| | | |
|---|---|---|
| (૧૩) | આંક–૨૩ | ત.ક.અ.પી.એસ.આઈ. માણસુરભાઈ રામભાઈ સવસેટાની જુબાની |

**અ. ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો :–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | આંક–૦૬ | ઈન્કવેસ્ટ પંચનામું |
| (૨) | આંક–૦૯ | બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું |
| (૩) | આંક–૧૨ | ફરીયાદ |
| (૪) | આંક–૧૯ | પી.એમ.નોટ |
| (૫) | આંક–૨૧ | વાહન પરિક્ષણ અહેવાલ |
| (૬) | આંક–૨૨ | રોડ પરિક્ષણ અહેવાલ |

**–: ઠ રા વ :–**

(૧) **ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત:** ગઈ તા.૧૮/૦૫/૨૦૨૫ ના રોજ કલાક ૧૯:૦૦ વાગ્યાની આસપાસ જુવાનપુર ગામ નજીક આશાપુરા હોટલની બાજુમાં આરોપીએ ફરિયાદી–રમેશભાઈ ભોજાભાઈ માતંગના ભાઈ મરણજનાર–રાજેશભાઈ ભોજાભાઈ માતંગ પોતાની શીવાલય ઓટો નામની ગેરેજમાં આરોપીના કબ્જાની ટ્રક રજી.નં. જીજે–૧૦–ઝેડ–૭૦૯૭ માં સર્વિસ તથા ટ્રકની ટ્રોલીમાં ગીરીશનું કામ કરતા હતા તે દરમ્યાન આરોપીએ ટ્રકની કેબીનમાંથી હાઇડ્રોલીક મારફતે બેદરકારી અને ગફલતભરી રીતે ટ્રકની ટ્રોલી ઉંચી કરતા ટ્રકની ટ્રોલી ઉપર આવેલ ઇલેવન કે.વી.ની ચાલુ ઇલેકટ્રીક લાઈન પસાર થતી હતી તેને ટ્રકની ટ્રોલી ઇલેકટ્રીક લાઈનને અડી જતા ટ્રકની બોડીમાં શોર્ટ લાગતા ગીરીશનું કામ કરતા મરણજનાર–રાજેશભાઈના શરીરે ઇલેકટ્રીક શોર્ટ લાગેલ અને શરીરમાં પાંચેક જગ્યાએથી કરંટ નીકળી જતા ગંભીર ઇજાઓ થતા તા.૨૬/૦૫/૨૦૨૫ સારવાર દરમ્યાન મરણ ગયેલ હોવા મુજબની ફરિયાદ ફરિયાદીએ આપતા તે અનુસંધાને કલ્યાણપુર

પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુના રજીસ્ટર નં.૧૧૧૮૫૦૦૩૨૫૦૬૨૨/ ૨૦૨૫ થી ગુનો દાખલ કરવામાં આવેલ.

ત્યાર બાદ, તપાસનીશ અમલદારે તપાસને અંતે આરોપી વિરુઘ્ધ પૂરતો પુરાવો હોવાનું જણાતા, બી.એન.એસ.કલમ–૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી) મુજબના ગુના અંગેનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજૂ કરેલ છે.

(૨) સદરહું કામના આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં, ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની કલમ–૨૩૦ મુજબ પોલિસ તપાસનાં કાગળોની નકલો વિના–મૂલ્યે પૂરા પાડવામાં આવેલ. અત્રેની અદાલત દ્વારા આરોપી વિરુઘ્ધનાં આક્ષેપિત ગુના અંગે આંક–૦૩ થી તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવી સમજાવી આરોપીની આંક–૦૪ થી પ્લી લેતાં, આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા, સદરહું કામના આરોપી વિરુઘ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષે નમુના (ક) માં દર્શાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(૪) સદરહું કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતા, ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યાર બાદ આરોપીનું વિશેષ નિવેદન ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની કલમ–૩૫૧ અન્વયે નોંધવામાં આવેલ અને જેમાં આરોપીએ જણાવેલ છે કે તેઓ નિર્દોષ છે તે સિવાય આરોપીએ સોગંદ ઉપર કોઈ પુરાવો રજૂ કરેલ નથી કે આ કામે કોઈ બચાવના સાહેદ તપાસેલ નથી.

(૫) ત્યાર બાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.રાઘવાણી તથા આરોપી તરફે વિ.વકીલશ્રી તરફે કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) સદરહું કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે:

**–:: મુદ્દાઓ ::–**

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૧૮/૦૫/૨૦૨૫ ના રોજ ફરિયાદી–રમેશભાઈ ભોજાભાઈ માતંગના ભાઈ મરણજનાર–રાજેશભાઈ ભોજાભાઈ માતંગ પોતાની શીવાલય ઓટો નામની ગેરેજમાં આરોપીના કબ્જાની ટ્રક રજી.નં. જીજે–૧૦–ઝેડ–૭૦૯૭ માં સર્વિસ તથા ટ્રકની ટ્રોલીમાં ગીરીશનું કામ કરતા હતા તે દરમ્યાન આરોપીએ ટ્રકની કેબીનમાં થી હાઇડ્રોલીક મારફતે બેદરકારી અને ગફલતભરી રીતે ટ્રકની ટ્રોલી ઉંચી કરતા ટ્રકની ટ્રોલી ઉપર આવેલ ઇલેવન કે.વી.ની ચાલુ ઇલેકટ્રીક લાઈનને અડી જતા ટ્રકની બોડીમાં શોર્ટ લાગતા મરણજનાર–રાજેશભાઈના શરીરે ઇલેકટ્રીક શોર્ટ લાગેલ જેમાં તેનું સારવાર દરમ્યાન મોત નીપજેલ હોવાનો ગુન્હો કરી બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી) મુજબનો શિક્ષા ને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાના નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છેઃ

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**<u>–: કા ર ણો :–</u>**

**<u>મુદા નં.૧ :–</u>**

(૮) ક્રિમીનલ જસ્ટીસ ડીલેવરી સિસ્ટમ મુજબ ફરીયાદપક્ષે આરોપી સામે મુકવામાં આવેલ તહોમત બીયોન્ડ રીઝનેબલ ડાઉટ યોગ્ય અને નિઃશંક પુરાવો રજુ કરીને પુરવાર કરવાનુ હોય છે. ટુંકમાં આરોપી દોષિત છે તેવો પુરતો અને વિશ્વસનીય પુરાવો રજુ કરીને ફરીયાદપક્ષે પુરવાર કરવાનુ હોય છે. આરોપી નિર્દોષ છે તેવુ આરોપીએ પુરવાર કરવાનું હોતુ નથી. એમ કહી શકાય કે ફોજદારી મુકદમામાં આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને દોષિત ન ઠરાવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી

ધારણા કરીને અદાલતે ચાલવાનું હોય છે અને નામદાર કોર્ટ ધ્વારા બાં ધવામાં આવેલ આ અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે યોગ્ય, પુરતો ને વિશ્વસનીય પુરાવો રજુ કરીને કરવાનું હોય છે. ફરીયાદપક્ષના રજુ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપી દોષમુકિત અગર બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે.

**(૯)** ફરીયાદપક્ષે આંક–૦૬ ઈન્કવેસ્ટ પંચનામાના પંચોએ પંચનામાની વિગતોને સમર્થન આપેલ છે. તેઓની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઊલટ તપાસ દરમિયાન એ મહત્વની હકીકતો સ્વીકારેલ છે કે, બનાવની કોઈ જાત માહિતી નથી. પોલીસે તૈયાર પંચનામામાં મારી સહી લીધેલ. પંચનામું મે વાંચેલ નહી.

**(૧૧)** ફરીયાદપક્ષે આંક–૦૯થી બનાવવાળી જગ્યાનું પંચનામુ રજુ કરેલ છે, જે સાબિત કરવા તપાસેલ પંચોએ પંચનામાની વિગતોને કોઈ સમર્થન આપેલ નથી.

**(૧૨)** ફરીયાદપક્ષે આંક–૧૧ થી ફરિયાદી રમેશભાઈ ભોજાભાઈ માતંગને તપાસવામાં આવેલ છે. તેઓના જણાવ્યા મુજબ બનાવ તા.૧૮/૦૫/ ૨૦૨૫ ના રોજ સાંજના સાડા છ વાગ્યાની આસપાસ, લીંબડી તથા જુવાનપુર વચ્ચે આવેલ આશાપુરા હોટલ પાસે બનેલો. બનાવ સમયે તેઓ મીઠાપુર હતો. તેમને રાજેશભાઈના પાર્ટનર અશોકભાઈનો ફોન આવતા બનાવની જાણ થયેલી. રાજેશભાઈ તેમના ભાઈ થાય છે, તેઓ ડમ્ફરમાં ગ્રીસ કરવાનું કામ કરતા હતા. માલદેભાઈ પાલાભાઈનું ડમ્ફર ગ્રીસનું કામ કરવા માટે ભરતભાઈ લઈને આવેલ હતા. આ ડમ્ફર ઉચુ કરતા ઉપર ૧૧ કે.વી. વીજ લાઈન પસાર થતી હોય જેમાં અડી જતા રાજેશભાઈને શોટ લાગેલ. આ બનાવમાં રાજેશભાઈને શોટ લાગતા શરીરે ગંભીર ઈજા થતા તેને સારવાર માટે જી.જી. હોસ્પીટલમાં લઈ ગયેલ ત્યાં સારવાર દરમ્યાન તેઓ મરણ

ગયેલ. વધુમાં તેઓએ આપેલ ફરીયાદ આંક–૧૨ થી રજુ કરેલ છે. બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઊલટ તપાસ દરમિયાન એ મહત્વની હકીકતો સ્વીકારેલ છે કે, બનાવ વખતે હું બનાવ સ્થળે હાજર ન હતો. બનાવ મે નજરે જોયેલ નથી. બનાવ મે નજરે જોયેલ ન હોવાથી કોની બેદરકારીના કારણે બનાવ બનેલ તે હું કહી શકુ નહી. હાલના કામેની ફરીયાદ અમોએ દશ–બાર દિવસ બાદ આપેલી છે.

**(૧૩)** ફરીયાદપક્ષે આંક–૧૩ થી અશોકભાઈ ભીમાભાઈ પરમારને તપાસેલ છે. તેઓએ પણ ફરીયાદીના પુરાવા જેવો જ પુરાવો આપેલ છે. બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઊલટ તપાસ દરમિયાન એ મહત્વની હકીકતો સ્વીકારેલ છે કે, અકસ્માત સાર્જાયા બાદ એક મીનીટ બાદ હું બનાવ સ્થળે પહોંચેલો. રાજેશભાઈ મારા પાર્ટનર હતા અને અમો સાથે કામ કરતા હતા. **બનાવ કોની બેદરકારીથી બનેલ તે હું કહી શકુ નહી**. ભરતભાઈને બનાવ અગાઉથી હું ઓળખુ છુ.

**(૧૪)** ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદીના અન્ય સગા સંબંધીઓમાંથી એક પણ સાહેદે આરોપીની બેદરકારીનો પુરાવો આપેલ નથી.

**(૧૫)** ફરીયાદપક્ષે આંક–૨૦ થી ત.ક.અ.શ્રી કરણસિંહ પુંજસિંહ ઝાલા ને તપાસેલ છે. તેઓએ હાલના ગુન્હાની તપાસ સંભાળી ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કરી લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. આરોપીને ધોરણસર અટક કરેલ તથા આ કામે વાહન પરિક્ષણ અહેવાલ હોય, તેની ખરી નકલ આંક–૨૧ થી તથા રોડ પરિક્ષણ અહેવાલ ખરી નકલ આંક–૨૨ થી રજુ કરે છે. બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઊલટ તપાસ દરમિયાન એ મહત્વની હકીકતો સ્વીકારેલ છે કે, બનાવવાળુ સ્થળ જાહેર રોડ છે જયાં સતત વાહનોની અવર જવર ચાલુ રહે છે. બનાવવાળા રોડ પરથી પસાર થતાં રાહદારીઓના નિવેદનો લીધેલ નથી. નજરે જોનાર સાહેદના નિવેદન નોંધેલા નથી. હાલનો બનાવ બન્યાના તેર દિવસ બાદ ફરિયાદ આપવામાં આવેલી છે. હાલના કામે કોઈ વાહન કબજે કરવામાં આવેલ નથી. આજરોજ રજુ

કરેલ આર.ટી.ઓ ના રિપોર્ટમાં હાલનો બનાવ કોની બેદરકારીથી બનેલ છે તે ચોકકસ જણાવેલ નથી.

(૧૬) ફરીયાદપક્ષે આંક–૨૩થી પી.એસ.આઈ. એમ.આર. સવસેટા ને તપાસવામાં આવેલ છે. તેઓએ આ કામે આગળની તપાસ સંભાળી લઈ, તપાસ પુરી થયેલ હોય આરોપી વિરુધ્ધના ચાર્જશીટ કરવા પુરતા પુરાવા મળતા ચાર્જશીટ કરેલ હોવાનુ જણાવેલ છે. બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઊલટ તપાસ દરમિયાન એ મહત્વની હકીકતો સ્વીકારેલ છે કે, અમોએ માત્ર ચાર્જશીટ કરેલ છે. તે સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

(૧૭) આ કામના ફરીયાદી તથા સાહેદોના પુરાવા મુજબ મરણ જનાર ટ્રક નીચે ગ્રીસનું કામ કરતા હતા તે વખતે હાલનો અકસ્માત બનેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે. પરંતુ આ કામે એક પણ સાહેદે બનાવ નજરે જોયેલ નથી. જેથી હાલના કામે કોની બેદરકારી હતી તે સાબિત થતુ નથી. જો આરોપીની બેદરકારી જ સાબિત ન થાય તો તેમને દોષિત ઠેરવવો જોખમી સાબિત થઈ શકે છે. માત્ર અકસ્માતમાં સામેલ હોવાથી બેદરકારી સાબિત થઈ જતી નથી. તેના માટે પુરતા પુરાવા રેકર્ડ પર આવવા જરૂરી છે. જે હાલના કામે ખુટે છે. ફોજદારી કાયદા હેઠળ આરોપીનો દોષ શંકાથી પરે સાબિત કરવો પ્રોસીકયુશનનું કામ છે. આરોપીની ઓળખ નહિ થવાના કારણે સંદેહ ઉભો થાય છે. જો કોઈ સીધા કે પરોક્ષ પુરાવાથી આરોપીને અકસ્માત માટે જવાબદાર સાબિત કરી શકાય નહિ, તો માત્ર આરોપીના કબજાની ટ્રક અકસ્માતમાં સામેલ હતો તેવા કારણ સાથે આરોપીને દોષી ઠેરવવો હિતકારી નથી. માત્ર ગુન્હાનો પુરાવો કસુર પુરવાર કરવા માટે પૂરતો નથી. ફરીયાદપક્ષે આરોપીને ગુન્હાનું કર્તૃત્વ સાબિત કરવુ આવશ્યક છે.

(૧૮) પ્રવર્તમાન ફોજદારી ન્યાય શાસ્ત્રનાં સિધ્ધાંતો મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિઃશંકપણે પુરવાર કરવાનો રહે છે. રેકર્ડ ઉપરનાં પુરાવાથી એક બાજુ એમ જણાય આવતુ હોય કે,

આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી તથા એક બાજુ એમ જણાય આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે ત્યારે ફરીયાદીએ પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિઃશંકપણે પુરવાર કરેલ છે તેમ કહી શકાય નહી. જેથી ફરીયાદપક્ષે રહેલ શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો રહે છે. વધુમાં ફોજદારી ન્યાય શાસ્ત્રનો એવો પણ સ્થાપિત થયેલ સિધ્ધાંત છે કે, સો ગુનેગારો ભલે છુટી જાય પરંતુ કોઈ નિર્દોષ માર્યો જવો જોઈએ નહી. આમ, ઉપરોકત કરેલ ચર્ચા તથા કારણોસર આ કામનાં આરોપીને તકસીરવાન ઠરાવવું ન્યાયોચીત જણાતુ ન હોઈ, મુદ્દા નંબર–૧ નો નિર્ણય નકારમાં આપી, કેસનાં આખરી નિર્ણય માટે મુદ્દા નંબર–૨ અન્વયે ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છેઃ

**–:: આખરી હુકમ ::–**

(૧) આથી, સદર ચુકાદાના મથાળે આરોપીની વિગતમાં લખ્યા આરોપીને તેમની સામેના શિક્ષાપાત્ર ગુન્હાના ત્હોમતમાંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧)અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદરહું કામે આરોપીએ અપીલ સમય માટે રૂા.૫,૦૦૦/– (પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ,આજ રોજ તારીખ–૦૮, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૦૮/૦૪/૨૦૨૬.**
**કલ્યાણપુર.**

**(અલ્પા પ્રભુદાસ કડીવાર)**
**GJ01554**
**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**તા. કલ્યાણપુર જી. દેવભુમિદ્વારકા.**